# બી. એ./બી.કૉમ્ સેમેસ્ટર-૫ (Repeater) પરીક્ષા-માર્ચ ૨૦૨૦
# ગુજરાત યુનિવર્સિટીના ઍક્સટર્નલ વિદ્યાર્થીઓને પરીક્ષા ફોર્મ ભરવા માટેની અગત્યની સુચનાઓ

**સુચનાઓની પ્રીન્ટ લઈ, સાચવી રાખો**

- નિયત ફી સાથે પરીક્ષા ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખ ૨૦/૦૨/૨૦૨૦ છે.
- ફોર્મ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ www.gujaratuniversity.ac.in ઉપરથી મેળવી શકાશે.
- **દરેક વિદ્યાર્થીએ સિલેબસમાં આપ્યા પ્રમાણેના અભ્યાસક્રમ પ્રમાણેજ તૈયારી કરવાની રહેશે.**
- વિષયોનો વિગતવાર અભ્યાસક્રમ અંગેની જાણકારી વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપરથી જાતે મેળવી લેવી. યુનિવર્સિટીએ ઠરાવેલ અભ્યાસક્રમ મુજબ જ પરીક્ષા લેવામાં આવશે, જેની નોંધ લેશો. અભ્યાસક્રમ ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ www.gujaratuniversity.ac.in પરથી મેળવી શકાશે.
- **સંપૂર્ણ રીતે ભરેલા પરીક્ષા ફોર્મ, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય ખાતે જ જમા કરાવવા. પોસ્ટ ઑફિસમાં પરીક્ષા ફોર્મ જમા કરાવવા નહીં. પોસ્ટમાં જમા કરાવેલ પરીક્ષા ફોર્મ અંગેની યુનિવર્સિટી કાર્યાલયની કોઇ જવાબદારી રહેશે નહીં.**
- ફોર્મ સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે. (ફોર્મ જમા કરાવતી વખતે તમામ અસલ દસ્તાવેજો ચકાસણી માટે સાથે રાખવા ફરજીયાત છે.)
  - ૧) અગાઉ આપેલ તમામ પરીક્ષાના પરીણામની સ્વપ્રમાણિત કરેલ નકલ અથવા વેબસાઇટ ઉપરથી લીધેલ પરીણામની પ્રિન્ટ.
  - ૨) છેલ્લો અભ્યાસ કર્યા પછી, રજીસ્ટ્રેશન કરાવવાની તારીખ સુધીમાં જો એક વર્ષ કે તેથી વધુ સમય સુધી આગળ અભ્યાસ કરેલ ન હોય તો રૂા. ૫૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર **“ આગળ અભ્યાસ કરેલ નથી”** તે બાબતનું સોગંદનામું રજુકરવુ.
- પરીક્ષા શરૂ થવાના **પાંચ દિવસ** પહેલા બેઠક નંબર તથા બેઠક વ્યવસ્થા તેમજ પરીક્ષા ઍડમિટકાર્ડ યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in પરથી પ્રિન્ટ મેળવી લેવી. વિદ્યાર્થીએ એડમિટકાર્ડમાં જો કોઈ વિષયમાં ભુલ જણાય તો ગુજરાત યુનિવર્સિટી ઍક્સટર્નલ પરીક્ષા વિભાગનો રૂબરૂમાં સંપર્ક કરી તેમાં જરૂરી સુધારો પરીક્ષાની તારીખ પહેલાં અચૂકપણે કરાવી લેવાનો રહેશે. ત્યારબાદ કોઈપણ સુધારો ગ્રાહ્ય રાખી શકાશે નહિં.
- યુનિવર્સિટી પરીક્ષાઓની સંભવિત તારીખો યુનિ. વેબસાઈટ ઉપર મૂકેલ છે જે ધ્યાને લેવી.
- **વિષયોનો વિગતવાર અભ્યાસક્રમ, પરીક્ષાના કાર્યક્રમ, પરીક્ષા એડમિટકાર્ડ, બેઠક વ્યવસ્થા અંગેની જાણ ટપાલ મારફતે કે અન્ય કોઈપણ રીતે કરવામાં આવશે નહીં, આ જાણકારી વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપરથી મેળવી લેવી.**
- બી.એ/બી.કૉમ. સેમેસ્ટર-૫ માટે ફી

| | |
|---|---|
| ફોર્મ ફી | રૂા. ૫૦/- |
| પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ ફી સહિત | રૂા. ૭૦૦/- |
| કુલ | રૂા. ૭૫૦/- |

❖ તારીખ ૨૪/૦૨/૨૦૨૦ થી ૨૯/૦૨/૨૦૨૦ સુધી બી.એ/બી.કૉમ. સેમેસ્ટર-૫ માટે લેટ ફી રૂા. ૫૦૦/- રહેશે.